# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY

(Established by Government of Gujarat under Gujarat Act No. : 20 of 2007)

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી

(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક :૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)

ESTD - 2007


પ્રિય વિદ્યાર્થી,

નમસ્કાર, આપ પરિવાર સહિત કુશળ હશો તેમ માનું છું. આવનાર સમયમાં પણ આપ ક્ષેમકુશળ રહો તેવી અભ્યર્થના. વૈશ્વિક મહામારી કોરોનાનાં આ કપરાં સમયમાં આપ આ મહામારીનો સજ્જતા, ધૈર્ય અને સંયમપૂર્વક સામનો કરી રહ્યા છો તે બદલ GTU પરિવાર વતી આપસર્વે ને હું અભિનંદન પાઠવું છું.

હું એ જાણું છું કે આપસર્વે આપના અભ્યાસનાં અંતિમ વર્ષમાં અથાગ પરિશ્રમ ધ્વારા આપના વિષયોને આત્મસાત કરવાનો સુંદર પ્રયત્ન કર્યો છે. દરેક વિદ્યાર્થી ની એ તમન્ના હોય છે કે પોતે કરેલ પરિશ્રમ ને કસોટીને એરણે ચકાસી તેને ઉત્કૃષ્ટતાના માપદંડોથી પોંખવામાં આવે. દરેક વિદ્યાર્થી ની એ ઉત્કટ અભિપ્સા હોય છે કે તે અંતિમ વર્ષની પરીક્ષામાં સુંદર દેખાવ કરી, પોતાના પરિણામના માધ્યમથી તેની શક્તિઓનો પરિચય સમાજને આપે. આ વર્ષે કોરોના મહામારીને કારણે આ તક આપણને હજુ સુધી મળી નથી તેનું આપણને સૌને દુ:ખ છે. પરંતુ જેમ કહેવાય છે કે હજારો નિરાશામાં અમર આશા છુપાઈ છે. તેમ આ વૈશ્વિક સંકટમાં GTU એ વિદ્યાર્થીઓની સાથે છે. હું જાણું છું કે આપના અંતિમ વર્ષની પરીક્ષા અને તેનું પરિણામ સત્વરે આપના હાથમાં હોય તેમ આપ ઈચ્છો છો. આપ જેવા લાખો વિદ્યાર્થીઓની કારકિર્દી માટે હું સદૈવ શુભ ભાવનાથી જે કંઈ કરવું પડે તે કરવા તત્પર છું. આ માટે હું નથી ઈચ્છતો કે આપ જેવા તેજસ્વી વિદ્યાર્થીના અંતિમ વર્ષના પરિણામમાં merit based progression જેવો શબ્દ આવે.

આપ જેવા વિદ્યાર્થીઓની વિનંતીને ધ્યાને લઇ આ માટે યુનિવર્સિટી ધ્વારા ઓનલાઈન અને ઓફલાઈન બંને માધ્યમથી પરીક્ષા યોજવાનું નિશ્ચિત કરેલ છે. આપ આ પરીક્ષા આપી તુરંત જ પરિણામ મેળવી શકો તેવી વ્યવસ્થા યુનિવર્સિટીએ કરી છે. આપને ઓનલાઈન પરીક્ષા આપવા માટે Internet અથવા Bandwidth નો પ્રશ્ન હોય તો આપની કોલેજમાં જઈ પરીક્ષા આપી શકો છો. આપ ઓનલાઈન પરીક્ષા ન આપવા ઇચ્છતા હો તો ઓફલાઈન પરીક્ષા પણ આપી શકો છો. યુનિવર્સિટીએ સ્વાસ્થ્ય સુરક્ષાના તમામ માપદંડોને ધ્યાનમાં લઇ તમારા માટે આ વિશિષ્ટ આયોજન કર્યું છે. તમે તેનો લાભ લેશો તેવી મને અપેક્ષા છે.

આપનામાં આત્મશ્રધ્ધા વિકસે. ઉત્કટતા, ખંત અને ધૈર્ય નો સુભગ સમન્વય તમને પરીક્ષામાં ઝળહળતી સિધ્ધિ અપાવે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

વંદે માતરમ...

શુભકામનાઓ સહ....

तन्मे मन: शिवसंकल्पमस्तु

આપનો

**પ્રો. (ડૉ.) નવીન શેઠ**

કુલપતિ, GTU


*Winners of : ICT Enabled University Award E-India - 2009 ❖ Manthan Award - 2009 ❖ GESIA Award -2011 ❖ Digital Learning WES - 2011 Award ❖ AIMS International Innovative University Award - 2013*



**Chandkheda** : GTU Campus, Nr. Visat Three Road, Chandkheda, Ahmedabad - 382 424. Gujarat, India Ph. : 079 - 23267521/570
e-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in